પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 09/11/2026 **Morning : 7.10 to 7.20**

Day : Monday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં એક હજાર 24 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરશે.**
2. **મેડિકલની એક હજાર 600 જેટલી બેઠકો માટે પ્રવેશ માટેનો બીજો રાઉન્ડ યોજાશે.**
3. **રાજકોટમાં તોલમાપમાં ગેરરીતિ આચરતાં 45 એકમો સામે કાર્યવાહી કરવામાં આવી.**
4. **રાજ્યભરમાં મોડીરાત સુધી લોકોએ ફટાકડા ફોડીને દિવાળીની ઉત્સાહભેર ઉજવણી કરી.**
5. **અમદાવાદ સિવિલના બાળ રોગ વિભાગના તબીબોએ અત્યંત જટિલ શસ્ત્રક્રિયા કરીને બે બાળકીઓને નવજીવન આપ્યું.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ નવા વર્ષની ઉજવણી અમદાવાદમાં પરિવાર અને કાર્યકર્તાઓ સાથે કરશે. તેઓ આજે અમદાવાદ ખાતે 1 હજાર 24 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ , ખાતમુહૂર્ત અને આવાસ યોજનાના મકાનોનો ડ્રો કરશે. શ્રી શાહ સરખેજ ગાંધીનગર હાઇવે પર નવનિર્મિત ચાર કિલોમીટર લાંબા ફ્લાય ઓવરબ્રિજનું ઉદ્ઘાટન પણ કરશે.

(VC: NIKITA SHAH)

(શ્રી અમિત શાહ દ્વારા તેમના મતવિસ્તાર ગાંધીનગર લોકસભામાં 1,024 કરોડનાં કુલ 30 વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ વિકાસકાર્યોમાં મુખ્યત્વે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હાઉસિંગ પ્રોજેક્ટ , વોટર પ્રોજેક્ટ સહિતનાં શહેરીજનોની સુવિધાઓને લગતા વિવિધ કામોનો સમાવેશ થાય છે. સૌ પ્રથમ તેઓ સરખેજ ગાંધીનગર હાઇવે પર ઇસ્કોનથી સાણંદ સુધીના ચાર કિલોમીટર લાંબા ઓવરબ્રિજનું સવારે 10:30 વાગે ઉદ્ઘાટન કરશે ત્યારબાદ જોધપુર ખાતે નવનિર્મિત નોલેજ હબનું પણ ઉદઘાટન કરશે. ગોતા ખાતે અર્બન હેલ્થ સેન્ટર નું લોકાર્પણ કરશે અને વાડજ ખાતે રામાપીરના ટેકરામાં આવાસ યોજનાના મકાનોમાં મુલાકાત લેશે આ મુલાકાત બાદ રાણીપ ખાતે જાહેર કાર્યક્રમ કરશે જેમાં આવાસ યોજનાના મકાનોનો ડ્રો પણ કરશે. આકાશવાણી સમાચાર અમદાવાદ)

MEDICAL SEATS

રાજ્યમાં એમડી અને માસ્ટર ઇન સર્જન સહિતના પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સમાં નવી 378 બેઠકોનો વધારો થયો છે. હવે આ બેઠકોની સંખ્યા વધીને ત્રણ હજાર 800 જેટલી થઇ ગઇ છે. પ્રવેશ માટેના પ્રથમ રાઉન્ડમાં 862 બેઠકો ખાલી પડી હતી જેને કારણે હવે એક હજાર 600 બેઠકો ઉપર પ્રવેશ માટે બીજો રાઉન્ડ યોજાશે.

GUJARAT UNI VICE CHANCELOR

અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિ ડૉ. પૃથુલ દેસાઈએ પોતાનો ચાર્જ સંભાળ્યા બાદ જણાવ્યું કે , તેમની પ્રાથમિકતાઓમાં શૈક્ષણિક ક્ષેત્રને મજબૂત બનાવવાની રહેશે. તેમણે ઉમેર્યું હતું કે A++ માન્યતા પ્રાપ્ત કરવી, NIRF રેન્કિંગમાં સુધારો કરવો, આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરવી અને રિવર્સ બ્રેઈન ડ્રેઇનને પ્રોત્સાહન આપવા માટે વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષવાનો સમાવેશ થાય છે . તે માટેની કાર્યપ્રલાણી અપનાવવાનો અભિગમ રહેશે.

(BYTE: DR. PRITHUL DESAI, VICE CHANCELLOR,

GUJARAT UNIVERSITY)

RAJKOT – TOLMAP KACHERI ACTION

રાજકોટમાં કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા કચેરી દ્વારા તહેવારો દરમિયાન ગ્રાહકો સાથે થતી છેતરપિંડી રોકવા વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ. જેમાં મીઠાઈ, ફરસાણ અને સુકા મેવાના વેપારી એકમો પર તપાસ હાથ ધરીને ગેરરીતિ આચરતા 45 વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી.

તપાસમાં વજનમાં જથ્થો ઓછો આપવો , વજનકાંટાની સમયસર ચકાસણી ન કરાવવી જેવા નિયમોના ભંગ બદલ 35 એકમો સામે કાર્યવાહી કરી ફી વસૂલવામાં આવી હતી.

MRP કરતા વધુ કિંમત વસુલના બદલ એક લાખ 86 હજારથી વધુની દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

DIWALI

અંધકાર પર પ્રકાશના અને અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમા પ્રકાશના પર્વ દિવાળીની રાજ્યભરમાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. લોકોએ પોતાના ઘરના આંગણામાં અવનવી રંગોળી બનાવી હતી. સાથે જ લોકોના ઘરો દીવડાથી ઝગમગી ઉઠ્યા છે. લોકોએ ઘરોમાં લક્ષ્મી પુજન અને વેપારીઓએ ચોપડા પૂજન કર્યા હતા. તો મોડી રાત સુધી લોકોએ ફટકડા ફોડી દિવાળીની રંગેચડે ઉજવણી કરી.

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં દીવાળી નિમિત્તે યોજાયેલા ગણેશ લક્ષ્મી મહાપુજનમાં દેશનાં 21 રાજ્યો , 4 કેન્દ્રશાસિત પ્રદેશ , અને વિદેશથી પણ ભક્તો ઑનલાઇન જોડાયા. સોમનાથ ટ્રસ્ટ દ્વારા ટેક્નોલોજીના માધ્યમથી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું વૈશ્વિક સ્તરે સંવર્ધનનો પ્રયાસ કરાયો હતો. આ આધુનિક પહેલ થકી દેશ-વિદેશમાં વસતા શ્રદ્ધાળુઓ પોતાના ઘરેથી જ પવિત્ર સોમનાથ તીર્થ સાથે આધ્યાત્મિક રીતે જોડાઈ શક્યા હતા.

દીપાવલીના પર્વ નિમિતે પોરબંદરના પૌરાણિક મહાલક્ષ્મી મંદિરે 1 કરોડ 1 લાખ રૂપિયાની ચલણી નોટોનાં વિશેષ દર્શન શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. શ્રદ્ધાળુઓએ માતાજીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

(BYTE: RAMABEN GOHEL, DEVOTEE)

કચ્છમાં આશાપુરા માતાના મઢ ખાતે દીવાળીની ભવ્ય ઉજવણી કરાઈ તો ભુજ સ્વામિનારાયણ મંદિર પણ 1 લાખ 11 હજાર દીવડાથી ઝળહળી ઉઠ્યું હતું. ભાવનગરમાં પણ દીપોત્સવીના તહેવારની રંગેચંગે ઉજવણી કરાઈ હતી. વાવ-થરાદના જિલ્લા પોલીસ વડા ચિંતન તેરૈયાએ સરહદના પ્રહરીઓ સાથે દિવાળીની ઉજવણી કરી. તેમણે નડાબેટ નજીક ભારત-પાકિસ્તાન બોર્ડરના ઝીરો પોઇન્ટ ખાતે BSF જવાનોને મીઠાઈ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. અમદાવાદ મનપાના UCD વિભાગ દ્વારા દ્વારા વિવિધ ઝોનનાં આશ્રયગૃહોમાં આશ્રિતો સાથે મીઠાઈ વહેચીને દિવાળીના પર્વની ઉજવણી કરાઈ. તો પરંપરાગત રીતે મેરાયુ કરવાની પરંપરા યથાવત્ જોવા મળી હતી.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

FIRE INCIDENT

રાજ્યના મુખ્ય શહેરોમાં ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિસ વિભાગ ખડેપગે છે. તહેવારો દરમિયાન રાજ્યભરમાં ફાયર વિભાગ દ્વારા વિશેષ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. ગઇકાલે દિવાળીના દિવસે અમદાવાદ અને સુરતમાં ફાયરબ્રિગેડને 60 થી વધુ કોલ મળ્યાના અહેવાલ છે.

દરમિયાન જામનગરમાં નંદનવન પાર્ક વિસ્તારમાં ગત મોડી રાતે ભંગારના વાડામાં ભીષણ આગ ફાટી નીકળી. ફાયરની ટીમ ત્રણ ગાડીઓ સાથે ઘટના સ્થળે પહોંચી આગ રહેણાંક વિસ્તારમાં પ્રસરે તે પહેલાં નિયંત્રણ મેળવવાના પ્રયાસ શરૂ કર્યા હતા. આ ઘટનામાં મોટાભાગનો માલસામાન બળીને ખાક થયો હતો જોકે કોઈ જાનહાનિ સર્જાઈ ન હતી.

AHMEDABAD CIVIL HOSPITAL CRITICAL SURGERY

અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળ સર્જરી વિભાગના કુશળ તબીબોએ વધુ બે અત્યંત જટિલ કેસોમાં સફળ સર્જરી પાર પાડીને બે બાળકીઓના જીવ બચાવ્યા છે. બાળકો દ્વારા રમતાં-રમતાં કે અજાણતાં ગળી ગયેલી વસ્તુઓ સમયસર બહાર ન નીકળે તો તે જીવલેણ સાબિત થઈ શકે છે , ત્યારે સિવિલ હોસ્પિટલના તબીબોની ત્વરિત અને યોગ્ય સમયસરની કામગીરીથી બંને બાળકીઓનો જીવ ઉગારી લેવાતાં બે પરિવારમાં દિવાળીમાં ખુશીઓ પાછી આવી હોવાનું અમદાવાદ સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો. રાકેશ જોશીએ કહ્યું હતું.

(BYTE: DR. RAKESH JOSHI, DIRECTOR, CIVIL HOSPITAL AHMEDABAD)

SOMNATH ADVANI BIRTHDAY CELEBRATION

શ્રી સોમનાથ મંદિર ખાતે ભારત રત્ન લાલકૃષ્ણ અડવાણીના 100માં જન્મદિવસ નિમીત્તે આયુષ્ય મંત્ર જાપ – મહાપૂજા કરવામાં આવી હતી. શ્રી લાલકૃષ્ણ અડવાણીના નિરામય દિર્ઘાયુષ્ય માટે સોમનાથ મંદિરમાં આયુષ્ય મંત્ર જાપ પણ કરવામા આવ્યા હતા.

WORLD JUNIOR SOFT TENIS

ચીનના જિન્ગશાનમાં રમાયેલ વિશ્વ જુનિયર સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશિપમાં ભારતીય જુનિયર ટીમે કાંસ્ય ચંદ્રક જીત્યો છે. આ ટીમમાં રાજ્યના ખેલાડી જૈનિન વેગડા અને વંશ ડોરિયાએ પોતાના રમત કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. જૈનિને નોર્થ કોરિયા સામે સિંગલ્સ અને નિપુન સાન્ગતે સાથે મળીને ચીન સામે ડબલ્સ મેચ જીતી હતી. વંશે નોર્થ કોરિયા સામેની મેચ જીતી હતી.

VDR SHANKARACHARYA

મહેસાણામાં વડનગરના પ્રાચીન અને ભવ્ય હાટકેશ્વર મહાદેવ મંદિરમાં વિશ્વશાંતિ મહાયજ્ઞ કરાશે. આગામી 11થી 20 નવેમ્બર સુધી યોજાનારા 10 આ દિવસના આધ્યાત્મિક મહોત્સવમાં શ્રીકાંચી કામકોટિ પીઠાધિપતિ જગદગુરુ શંકર વિજયેન્દ્ર સરસ્વતી શંકરાચાર્ય સ્વામીજી વિશેષ ઉપસ્થિત રહેશે. દરમિયાન વિશ્વ કલ્યાણ અને સામાજિક સદભાવના સંકલ્પ સાથે વડનગરની ધરતી પર આધ્યાત્મિક ચેતનાનું નવસર્જન થશે.